જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૨/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૧૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૪૪	૩	૧૧૨૪૭	૧૭૩૭૬	૩	૧૭૩૭૯
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૦	૬૯	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૮૯૩	૪	૨૮૮૯૭	૩૦૨૦૭	૫	૩૦૨૧૨
કુલ		૪૪૯૦૮	૭	૪૪૯૧૫	૫૪૦૮૪	૮	૫૪૦૯૨

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૦	૧૦,૧૯,૮૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯૦	૧,૯૦,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૧૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૭૭ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૦ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યું હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૧૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાનો હાર ખેંચી તોડી લઇ ગયો:- **સમાચાર યાદી નં.૩૧૭/૨૦૨૧**

મણીનગર : બેલાબેન કિર્તીકુમાર આસ્લોટ (ઉ.વ.૫૯)(રહે.બેંક ઓફ બરોડા સોસાયટી, અપ્સરા સિનેમા પાછળ, કાંકરીયા કાગડાપીઠ) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૨/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે મણીનગર, સોનલ ફ્લેટના દરવાજા પાસે રોડ ઉપર ઉભા હતા દરમ્યાન મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ બેલાબેનના ગળામાં પહેરેલ સોનાનો હાર કિંમત રૂપિયા ૩,૨૫,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

મતા ભરેલ બેગ ઝુંટવી લઇ ગયા :- **સમાચાર યાદી નં.૩૧૮/૨૦૨૧**

વાડજ : રૂપલબેન વા/ઓ પીનાકભાઇ શુક્લ (ઉ.વ.૪૦)(રહે.કારમેલ ગોદરેજ ગાર્ડનસીટી, જગતપુર ગામ, સાબરમતી) તા.૧૬/૦૨/૨૦૨૧ ના કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે નવાવાડજ ગામ મારવાડીની ચાલી “મંગલમ ફેશન” નામની દુકાન આગળથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક એકટીવા ઉપર આવેલ બે પુરૂષ(૨૦ થી ૨૫ વર્ષના આશરાના) એ ભેગામળી રૂપલબેનના હાથમાં રહેલ બેગ કે જેમાં એક સોનાનું ડાયમંડવાળુ મંગલસુત્ર કિંમત રૂપિયા ૬૦,૦૦૦/-, રોકડા રૂપિયા ૨,૦૦૦/-, મોબાઇલ ફોન કિમત રૂપિયા ૮,૦૦૦/-, અન્ય ચીજ-વસ્તુ અને અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૭૦,૦૦૦/- ની મતા મુકેલ હતી તે બેગ ખેંચી ઝુંટવી લઇ નાસી ગયા છે. આ અંગેની ફરીયાદ રૂપલબેન શુક્લ એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ગોરધનસિંહ રેવતસિંહ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૧૯/૨૦૨૧**

સાબરમતી : ગૌતમભાઈ પ્રવિણભાઇ શ્રીમાળી (ઉ.વ.૪૦)(રહે.નવી ચાલી, કબીરચોક હવેલી ભુવનની બાજુમાં, સાબરમતી) એ અગમ્ય કારણસર તા.૧૪/૦૨/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી કબીરચોક સરકારી શૌચાલયમાં ઉધઇ મારવાની દવા પી લેતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૨/૨૦૨૧ સવારના ૪/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એમ.પી.રાઠોડ ચલાવે છે.

સરદારનગર : ભરતકુમાર ગુરૂમુખ વાધવાણી (ઉ.વ.૪૦)(રહે.ન્યુ "જી" વોર્ડ, આઈ,ટી.આઇ પાછળ, કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૨૦૨૧ ના કલાક ૪/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી અજીતસિંહ છગનસિંહ ચલાવે છે.

નારોલ : મનિષભાઇ મધુકાન્ત ક્રીશ્ચયન (ઉ.વ.૫૦)(રહે.બેથલેમ ચોક, રાણીપુર ગામ, નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૨/૨૦૨૧ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોડિંગ રીક્ષા ની પાછળની એન્ગલ સાથે રીક્ષા ચાલુ કરવાની દોરી વડે ગળેફાંસો ખાઇ લટકી જતા સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પિટલમાં લાવતા તા.૧૫/૦૨/૨૦૨૧ સાંજના ૭/૪૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિંહ સવસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી